કાવડ યાત્રા - પવિત્ર શ્રાવણના પ્રારંભે અમરાઈવાડી વિસ્તારના શીવભક્તો દ્વારા અમરનાથધામ સુધીની આરંભાયેલ કાવડયાત્રા રવિવારે સાંજે શહેરના ચ-માર્ગ પરથી પસાર થઈ હતી... અંદાજે ૩ હજારથી વધુ કાવડયાત્રીઓ પવિત્ર જળ લઈ અમરનાથધામના અભિષેક માટે પગપાળા નિકળ્યા હતા... હર હર મહાદેવ - જય મહાદેવના જયઘોષ સાથે પસાર થતી કાવડયાત્રાએ શહેરના વાતાવરણને ભક્તિ માહોલથી છલકાવી દીધું હતું...

જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં આ વર્ષે સૌથી વધુ વરસાદ નોંધાયો

વરસાદના દિવસો પણ વધ્યા : જિલ્લામાં જુલાઈ માસમાં સિઝનનો ૪૮ ટકા વરસાદ નોંધાયો : અત્યાર સુધીમાં ૩૯૧ મી.મી. વરસાદ થયો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં જુલાઈ માસમાં જ ચોમાસાની સિઝનનો ૪૮ ટકા વરસાદ નોંધાયો છે. જિલ્લામાં તા. ૩૧મી સવારના ૬ વાગ્યા સુધીમાં ૩.૦૬ ટકા વરસાદ નોંધાયો હતો જ્યારે ૩૧મી જુલાઈ સુધીમાં આ વરસાદ વધુ ૪૮ ટકા સાથે ૫૧ ટકાને પાર નોંધાયો છે. જિલ્લામાં ૨૦૨૧ની તુલનામાં બમણો વરસાદ નોંધાયો છે.

સુધીમાં ૫૧.૪૨ ટકા વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં આ વખતે ચોમાસાના આરંભથી જ ખંડીય વૃષ્ટિનો અનુભવ લોકોએ કર્યો છે. જિલ્લામાં વરસાદના દિવસો પણ વધ્યા છે.

જિલ્લામાં ૩૦મી જૂન સુધીમાં ૫૧.૪૨ ટકા વરસાદ નોંધાયો છે. જિલ્લામાં દહેગામમાં ૪૭૧, ગાંધીનગરમાં ૨૭૩, કલોલમાં ૪૪૪ અને માણસામાં ૩૭૪ મી.મી. વરસાદ સાથે જિલ્લામાં સરેરાશ ૩૯૧ મી.મી. વરસાદ આજે સવારના ૬ વાગ્યા સુધીમાં નોંધાઈ ચુક્યો છે. જે ટકાવારીના સાપેક્ષમાં ૫૧.૪૨ ટકા જેટલો થાય છે.

જિલ્લામાં ૨૦૨૧માં સરેરાશ ૧૮૯ મી.મી. વરસાદ આ સમયગાળા દરમ્યાન નોંધાયો હતો. જેમાં દહેગામમાં ૧૨૦, ગાંધીનગરમાં ૧૬૪, કલોલમાં ૨૫૧, માણસામાં ૨૨૨ મી.મી. વરસાદ નોંધાયો હતો.

૨૦૨૦ના વર્ષમાં જિલ્લામાં સરેરાશ ૩૨૬ મી.મી. વરસાદ આ સમયગાળામાં નોંધાયો હતો. જેમાં દહેગામમાં ૩૦૦, ગાંધીનગરમાં ૨૯૫, કલોલમાં ૨૩૬ અને માણસામાં ૪૦૩ મી.મી. વરસાદ નોંધાયો હતો. જે ટકાવારીના સાપેક્ષમાં ૪૧.૭૨ ટકા જેટલો થાય છે.

૨૦૧૯ના વર્ષમાં આ સમયગાળા દરમ્યાન સરેરાશ ૧૫૯ મી.મી. વરસાદ નોંધાયો હતો. જેમાં દહેગામમાં ૧૮૪, ગાંધીનગરમાં ૯૨, કલોલમાં ૧૯૨ અને માણસામાં ૧૬૬ મી.મી. વરસાદ નોંધાયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં મોડી રાત્રે જોરદાર ઝાપટુ : અડધો ઈંચ વરસાદ

ગાંધીનગર, તા. ૩૧

દિવસે ઉઘાડ નીકળ્યા બાદ રાત્રે વરસાદનું જોરદાર ઝાપટુ ત્રાટકે છે. આ સિલસિલો ગઈકાલે પણ ચાલુ જ રહ્યો હતો. લગભગ અડધા કલાક સુધી વરસાદનુ જોરદાર ઝાપટુ પડતા અડધા ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. અષાઢ મહિનામાં વરસાદનું જોર રહ્યા બાદ શ્રાવણ માસના પ્રારંભે વરસાદનું જોર થોડુક ઘટ્યુ છે. વરસાદે છેલ્લા કેટલાક દિવસોથી જાણે વિરામ લીધો છે. આકાશમાં વાદળોની અવરજવર વચ્ચે દિવસ દરમ્યાન તડકો પડે છે. જો કે તડકો નીકળતા બફારો પણ ખુબ અનુભવાય છે. સારો કહી શકાય એવો વરસાદ પડ્યો હોવા છતાં હજુ શહેરમાં ઉકળાટ અને બફારો અનુભવાય છે. દિવસ દરમ્યાન ખુબ જ બફારો થતા વસાહતીઓ રીતસર ત્રાસી જાય છે. આખો દિવસ તીવ્ર ઉકળાટ અને બફારાનું સામ્રાજ્ય રહ્યા બાદ મોડી સાંજે વરસાદનું જોરદાર ઝાપટુ પડી જાય છે. છેલ્લા કેટલાય દિવસોથી આ સીલસીલો ચાલુ છે. ગઈકાલે પણ આખો દિવસ ઉકળાટ રહ્યા બાદ આખરે રાત્રે નવ વાગ્યાની આસપાસ શહેરમાં જોરદાર ઝાપટુ પડ્યુ હતુ. લગભગ અડધા કલાક સુધી વરસાદી ઝાપટુ પડ્યા બાદ થંભી ગયુ હતુ. જોરદાર ઝાપટાના કારણે શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. નોંધાયેલા આંકડાઓ અનુસાર ગઈકાલે રાત્રે લગભગ ૧૦ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. આ સાથે મોસમનો કુલ વરસાદ ૩૮૨.૫ મી.મી. જેટલો થયો છે.

૮ વર્ષે પણ રાજ્યનું એક પણ ગામ સ્માર્ટ વિલેજનો દરજ્જો મેળવી શક્યુ નથી

દર વખતે માપદંડ બદલાયા; પ્રોત્સાહકરૂપે અપાનારી ગ્રાન્ટ પણ રૂ. ૫૦ લાખથી રૂ. ૫ લાખની થઈ

ગાંધીનગર, તા. ૩૧

૨૦૧૪થી અમલમાં મુકાયેલ સ્માર્ટ વિલેજ યોજનાના ૮ વર્ષ પછી પણ રાજ્યનું એક પણ ગામ સ્માર્ટ વિલેજનો દરજ્જો પામી શક્યુ નથી.

સ્માર્ટ વિલેજ માટે દરેક વખતે તેના માપદંડો બદલાયા એટલુ જ નહિ સ્માર્ટ વિલેજનો દરજ્જો મેળવનાર ગામને પુરસ્કાર સ્વરૂપે આપવાની થતી પ્રોત્સાહક ગ્રાન્ટમાં પણ સતત ઘટાડો થતો રહ્યો છે.

દર વખતે ચૂંટણીનું વર્ષ આવે ત્યારે પંચાયત વિભાગ દ્વારા આ અંગેની કવાયત કરાવવામાં આવે. દરેક વખતે સ્માર્ટ વિલેજની પસંદગીના માપદંડ બદલાઈ જાય, ચૂંટણી સંપન્ન થતાં જ ફાઈલ પાછી અભેરાઈએ ચડી જતી હોય છે.

૨૦૧૪માં સ્માર્ટ વિલેજનો દરજ્જો મેળવનાર ગામને રૂ. ૫૦ લાખની પ્રોત્સાહન ગ્રાન્ટ આપવાની વાત હતી હવે ૨૦૨૨માં આ ઘટીને રૂ. પાંચ લાખ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

તત્કાલીન મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ દ્વારા આ યોજનાની જાહેરાત થઈ હતી. ભાજપના શાસનમાં આવી ઘણી યોજનાઓ વિકાસની આંધીમાં વિસરાઈ જવા પામી છે. ગોકળિયુ ગામ, પાવન ગામ, તીર્થગ્રામ, આદર્શ ગ્રામ સહિતની યોજનાઓનો સમાવેશ થાય છે.

એક તરફ શહેરીકરણને નાથવા અને ગામડાઓને ટકાવી રાખવાની વાતો વચ્ચે ગ્રામીણ વિસ્તારોને શહેરી વિસ્તારમાં ભેળવવામાં આવી રહ્યા છે. તો બીજી તરફ ગ્રામીણ વિસ્તારોમાં પંચાયોતની આર્થિક સ્થિતિ મજબુત બને તે માટે નાણાં પંચની ગ્રાન્ટ સીધી પંચાયતના ખાતામાં જમા થાય છે. પણ આ ગ્રાન્ટના કામો માટેની વહીવટીય, તાંત્રિક મંજૂરી તંત્રમાં અટવાય તેમજ ડિજીટલ પેમેન્ટનો આગ્રહ ગ્રામીણ વિસ્તારોમાં કરવામાં આવે છે.

ગામડાઓના ઉત્થાન માટે અને વિકાસ માટેનું નક્કર આયોજન ગ્રામીણકક્ષાએ જ થાય તેનો આગ્રહ સરકારે રાખી ગ્રામીણ ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરાવ્યા. નાણાંપંચની ગ્રાન્ટના ૫૦ ટકા કામો ટાઈડ ગ્રાન્ટમાંથી અને ૫૦ ટકા કામો અનટાઈડ ગ્રાન્ટમાંથી કરવાની નીતિ અમલી બનાવાઈ પરંતુ કોરોનાની મહામારી પછી ૫૦ ટકાથી પણ ઓછો વપરાશ થયો હોવાથી નાણાંપંચની ગ્રાન્ટનો બીજો હપ્તો હજુ સુધી ગ્રામ્ય વિસ્તારમાં પહોંચ્યો નથી તે પણ એક કડવી વાસ્તવિકતા છે.

સ્માર્ટ વિલેજ યોજનામાં સતત માપદંડો બદલાયા હોવાથી હવે ગ્રામીણ વિસ્તારમાં પણ હરિફાઈ થશે તેવી ભાવના લગભગ મૃતઃપ્રાય જેવી થઈ ગઈ છે. તંત્રના અધિકારીઓ પ્રસંગોની ઉજવણી સિવાય ગ્રામ્ય વિસ્તારમાં જતા નથી. રાત્રિ ગ્રામસભાઓ યોજાતી નથી એટલુ જ નહિ વિકાસમાં તેમની રૂચિ નથી એટલે બિચારૂ ગામડુ બિચારૂ જ રહ્યુ છે.

ગાંધીનગર કલ્ચર ફોરમ દ્વારા આવતીકાલથી વૃક્ષ વાવો-વૃક્ષ ઉછેરો મહાઅભિયાન

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જીવનને હરિયાળું બનાવે છે એમ પાટનગરને હરિયાળું બનાવવા વૃક્ષારોપણ કરીએ : તમામ નાગરિકોને આ મહાઅભિયાનમાં જોડાવા અપીલ

ગાંધીનગર, તા. ૩૧

નગરની પ્રતિષ્ઠિત સાંસ્કૃતિક સંસ્થા ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ગાંધીનગરના જન્મદિવસ તા. બીજી ઓગસ્ટે 'વૃક્ષ વાવો-વૃક્ષ ઉછેરો મહાઅભિયાન'નો શુભારંભ કરાશે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ૫,૦૦૦ જેટલા સભ્યો પોતાના ઘર આગણે ઓછામાં ઓછા બે વૃક્ષ વાવશે અને એ વૃક્ષ વ્યવસ્થિત ઉછરે એની જવાબદારી લેશે, એટલું જ નહીં ૧૫મી ઑગસ્ટ સુધી ચાલનારા આ મહાઅભિયાન અંતર્ગત ગાંધીનગરમા પસંદ કરાયેલા જાહેર સ્થળોએ સામૂહિક વૃક્ષારોપણ કાર્યક્રમો યોજાશે.

ગાંધીનગર કલ્ચર ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્તભાઈ જહાએ જણાવ્યું હતું કે, ગાંધીનગરને વિશ્વના સૌથી હરિયાળા પાટનગરની ઓળખ પુનઃ પ્રાપ્ત થાય તે માટે ગાંધીનગર કલ્ચરલ ફોરમે 'વૃક્ષ વાવો-વૃક્ષ ઉછેરો મહાઅભિયાન' હાથ ધર્યું છે. સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જીવનને હરિયાળું બનાવે છે એમ આપણા

પ્રત્યેક વ્યક્તિ ઓછામાં ઓછા બે વૃક્ષ વાવે અને તેને ઉછેરવાની જવાબદારી લે

ગાંધીનગરને આપણા વાતાવરણને હરિયાળું બનાવવા સામુહિક વૃક્ષારોપણની અનિવાર્યતા છે. ગાંધીનગરનો પ્રત્યેક નાગરિક ગાંધીનગર કલ્ચરલ ફોરમના આ મહાઅભિયાનમાં સહભાગી બને એ માટે તેમણે સૌને આહવાન આપ્યુ હતું.

ગાંધીનગર મહાનગર પાલિકા અને વન વિભાગના સહયોગથી ગાંધીનગર કલ્ચરલ ફોરમે 'વૃક્ષ વાવો-વૃક્ષ ઉછેરો મહાઅભિયાન' હાથ ધર્યું છે. તા. ૨ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ દરમિયાન ગાંધીનગરમાં કલ્ચરલ ફોરમના સભ્યો પોતાના ઘર આંગણે ઓછામાં ઓછા બે વૃક્ષ વાવશે અને ઉછેરશે. વ્યક્તિગત વૃક્ષારોપણ ઉપરાંત તા. ૧૫મી ઓગસ્ટ સુધીમાં ગાંધીનગરના પસંદગીના જાહેર સ્થળોએ સંસ્થાઓના પ્રાંગણમાં અને કોમન પ્લોટમાં સામૂહિક વૃક્ષારોપણ કાર્યક્રમો યોજાશે. આ વૃક્ષારોપણ પછી વાવેલા તમામ વૃક્ષો વ્યવસ્થિત રીતે ઉછરે એની પણ કાળજી લેવાશે, આ માટે સંસ્થા દ્વારા આયોજન કરાઈ રહ્યું છે. ગાંધીનગરના નાગરિકો પણ કલ્ચરલ ફોરમના આ પ્રયાસોમાં સહભાગી બને એવો અનુરોધ છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ એવુ વાવોલ ગામ અનેક અસુવિધાઓનો સામનો કરી રહ્યું છે. રોડ-રસ્તા, પાણી અને વીજળીના જાણે કોઈ ઠેકાણા નથી. અસુવિધાઓના કારણે સ્થાનિક વસાહતીઓ ત્રાસી ગયા છે. ગામના મુખ્ય રસ્તા પર જ મસ મોટા ખાડા પડ્યા છે. જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓને ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

સંક્રમણ ઘટ્યુ; નોંધાયેલા કેસ કરતાં વધુ દર્દીઓ ડિસ્ચાર્જ થયા

શહેરમાં કોરોનાના નવા ૨૨ અને ગ્રામ્યમાં ૩૨ કેસ નોંધાયા

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૧૦ કેસ, ગાંધીનગરમાં ૧૫, કલોલમાં ૩, માણસામાં ૪ કેસ નોંધાયા : શહેરમાં આજે સે. ૨ માં ૩, કુડાસણમાં ૩, આઈઆઈટીમાં ૨, સરગાસણમાં ૫ કેસ ઉપરાંત સે. ૧, ૪, ૧૬, ૨૪, ૨૬, ૨૮, ૨૯, ઈન્ફોસીટી અને વાવોલમાંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ધીમી ગતિએ ઘટી રહ્યુ છે. શહેરમાં આજે નવા ૨૨ અને ગ્રામ્ય વિસ્તારમાં નવા ૩૨ કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં થઈ રહેલી વધ-ઘટથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. શહેર-જિલ્લામાં સંક્રમણ સામે એલર્ટ મોડ પર કામગીરી કરી રહેલ તંત્રએ વેક્સિનેશન અભિયાન સઘન બનાવવા ઉપરાંત સર્વેલન્સને પણ સઘન બનાવ્યુ છે.

શહેર-જિલ્લામાં મહિલાઓ અને ટીનેજર્સ તેમજ મોટી વયના લોકો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. જો કે કોરોનાના લક્ષણો હળવા હોવાથી દર્દીઓ હોમ આઈસોલેશનના વિકલ્પને વધુ પસંદ કરી રહ્યા છે. હોસ્પિટલાઈઝેશન રેટ નહિવત્ અને રિકવરી રેટ ૯૦ ટકાથી વધુ હોવાથી તંત્રને રાહત જરૂર છે.

શહેર-જિલ્લામાં નોંધાયેલા કેસો મોટે ભાગે લોકલ ટ્રાન્સમિશનથી થઈ રહ્યા છે તેમજ લોકો કોરોના ગાઈડલાઈનના પાલન માટે જે બેદરકારી દાખવી રહ્યા છે તેથી તંત્ર ચિંતિત જરૂર છે.

શહેર-જિલ્લામાં આજે પણ નોંધાયેલા દર્દીઓ કરતા રિકવર થઈ ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓનો આંક વધારે છે. શહેરમાં ૨૨ દર્દીઓ અને ગ્રામ્યમાં ૩૯ દર્દીઓ રિકવર થતાં ૬૧ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવા ૩૨ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલ કેસમાં ૧૮ મહિલા દર્દી, ૬૦થી વધુ વયના ૩ દર્દી તેમજ ૮ વિદ્યાર્થી અને ૩ કર્મયોગીનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૧૦ કેસ, ગાંધીનગરમાં ૧૫, કલોલમાં ૩, માણસામાં ૪ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામ અને માણસામાં છેલ્લા ત્રણ દિવસથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે ચિંતા વધારવા સાથે તંત્રની દોડધામ પણ વધારી છે.

દહેગામ તાલુકામાં દહેગામ શહેરમાંથી ૨, રખિયાલમાંથી ૩, સાણોદામાંથી ૨ ઉપરાંત નાલીયાના મઠ, લવાડ, સગદલપુરમાંથી કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના દંતાલી ગામેથી ૩, સાદરામાંથી ૭, રૂપાલમાંથી ૩ ઉપરાંત શેરથા, વલાદમાંથી પણ કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં નારદીપુર, ખોરજડાભી, કોઠાગ્રામેથી કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં માણસા શહેરમાંથી તેમજ સોજા, અલુવા અને મંડાલી ગામેથી કેસો મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વિકાર્યો છે. આજે નોંધાયેલા દર્દીઓ સાથે જિલ્લામાં ૨૨૫થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૯૨૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં ખરીફ વાવણીની કામગીરી ૬૧ ટકા નોંધાઈ

મગફળી, તલ અને શાકભાજીના પાકોમાં વાવેતર વધ્યુ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં ખરીફ વાવણીની કામગીરી ૬૧ ટકા જેટલી સંપન્ન થઈ છે. જિલ્લામાં ખરીફ વાવણી સૌથી વધુ માણસા તાલુકામાં નોંધાઈ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના દહેગામ તાલુકામાં ૨૮,૨૦૮ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૧૮,૧૫૩ હેક્ટરમાં, કલોલમાં ૧૧૦૬૭ હેક્ટરમાં અને માણસામાં ૨૧,૭૧૭ હેક્ટરમાં વાવણીની કામગીરી સંપન્ન થઈ છે.

વરસાદી દિવસો વચ્ચે-વચ્ચે વરાપ નીકળતાં વાવણીની કામગીરી થોડીક ધીમી ચાલી રહી છે. જો કે વરાપ મળતાં જ આ કામગીરી વેગીલી બનશે.

જિલ્લામાં ડાંગરનું વાવેતર ૮૦૮૬ હેક્ટરમાં, બાજરીનું વાવેતર ૯૫૫ હેક્ટરમાં, મગનું વાવેતર ૧૧૦૨ હેક્ટરમાં, મઠનું વાવેતર ૩૮ હેક્ટરમાં, અડદનું વાવેતર ૪૧૫ હેક્ટરમાં, મગફળીનું વાવેતર ૧૦,૯૮૬ હેક્ટરમાં, તલનું વાવેતર ૧૯૬ હેક્ટરમાં, દિવેલાનું વાવેતર ૧૦૫ હેક્ટરમાં, કપાસનું વાવેતર ૨૦,૪૭૮ હેક્ટરમાં, ગુવારનું વાવેતર ૮૭૨ હેક્ટરમાં, શાકભાજીના પાકોનું વાવેતર ૧૦,૧૬૮ હેક્ટરમાં તેમજ ઘાસચારાનું વાવેતર ૨૨,૪૧૫ હેક્ટરમાં નોંધાયું છે. જિલ્લામાં આ વખતે વરસાદનું થોડુક મોડુ આગમન થયુ છે અને તેને લીધે ખરીફ વાવણીની કામગીરીનો ધીમો આરંભ થયો છે. જિલ્લામાં આ વખતે મગફળી અને તલ તેમજ શાકભાજીના પાકોના વાવેતર વિસ્તારમાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે. ખેડૂતો હવે રોકડિયા પાક તરફ વધુ ઝુક્યા છે.

જિલ્લાના ખેડૂતો જે પ્રયોગશીલ તરીકેની ઓળખ ધરાવે છે તેમણે વધુ પ્રયોગો નહિ કરી પરંપરાગત ખેતીનો માર્ગ પસંદ કર્યો છે. શ્રમિકોની અછત અને કોરોનાને લઈ ખેતીની કામગીરી ધીમી પડી હોવાનુ પણ મનાઈ રહ્યુ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com